**ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ**
(ગુજરાત સરકારનું સાહસ)
અધિક્ષક ઇજનેરશ્રી (મ.ગુ) ની કચેરી,
પાંચબત્તી, જી.આઇ.ડી.સી., ભરૂચ.
ફોન નંબર (૦૨૬૪૨)૨૪૨૪૪૨

**જાહેર નિવિદા નં.૧૦/૨૦૧૭-૧૮**

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની મધ્ય ગુજરાત વર્તુળ કચેરીનાં તાબા હેઠળની કાર્યપાલક ઇજનેરશ્રી, જીઆઇડીસી, અંકલેશ્વર હસ્તકનાં અનુક્રમ નં.૦૧ થી ૦૫ના કામો જેની અંદાજીત રકમ રૂ.૪,૬૬,૦૬૬.૦૦ થી રૂ. ૧,૯૧,૯૬૨.૦૦ ની વચ્ચે છે, જે માટે રસ ધરાવનાર ઇજારદારો પાસેથી રૂબરૂમાં ભાવ-પત્રકો મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ ઇસ્યુ કરવાની તારીખ ૨૮-૦૯-૨૦૧૭ થી ૦૬-૧૦-૨૦૧૭ કચેરી સમય દરમ્યાન જે તે કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરીમાંથી જારી કરવામાં આવશે. ભરેલ ભાવ-પત્રકો સ્વીકારવાની આખરી તા.૧૩-૧૦-૨૦૧૭ સમય સાંજે ૫:૦૦ કલાક સુધીમાં સ્વીકારવામાં આવશે અને આવેલ ટેન્ડરો તા.૧૬-૧૦-૨૦૧૭ ના રોજ ૧૨.૦૦ કલાકે ખોલવામાં આવશે.
અનુંક્રમ નં. ૧ થી ૫ નાં કામના ટેન્ડરો કાર્યપાલક ઇજનેરશ્રી, જીઆઇડીસી, અંક્લેશ્વરની કચેરીમાં સ્વીકારવામાં આવશે.

આ કામોની વિગતવાર જાહેર નિવિદા ઓફિસનાં નોટીસ બોર્ડ ઉપર, જી.આઇ.ડી.સી.ની વેબસાઇટ www.gidc.gov.in તેમજ માહિતી ખાતાની www.statetenders.comમાં જોઇ શકાશે. વધુ માહિતીની જરૂરિયાત હોય તો, જે તે સંબંધિત કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરીએથી કામકાજનાં સમય દરમિયાન મેળવી શકાશે. અનુક્રમ નં.૧ થી ૫નાં કામનાં કવર ઉપર કામનું નામ, ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ તેમજ ટેન્ડરો ખોલવાની તારીખ અવશ્ય લખવાની રહેશે. વેક્સ અથવા ટેપથી સીલ કર્યા વગરનાં કવરો સ્વીકારવામાં આવશે નહિ. બાના મુક્તિ પ્રમાણપત્ર ગ્રાહ્ય/સ્વીકાર્ય નથી જેની નોંધ લેવી. નિવિદામાં જણાવેલ કોઇ પણ અથવા બધા ટેન્ડરો કારણ જણાવ્યા વગર સ્વીકારવા, ન સ્વીકારવા, રદ કરવા એ નિગમનો અબાધિત અધિકાર છે. જે તમામને બંધનકર્તા રહેશે. અધિકૃત વેબ-સાઇટ પર ટેન્ડરને લગતા તમામ સુધારા / વધારા ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ સુધી જોઇ શકાશે.

સહી/-
**અધિક્ષક ઇજનેર (મ.ગુ)**
**ગુ.ઔ.વિ.નિ., ભરૂચ.**